SAMPANN UTPADAN INDIA LIMITED
(FORMELY KNOWN AS S E POWER LTD)
CIN NO. L40106GJ2010PLC091880

Date 07.09.2026

The Manager	The Listing Department
Department of Corporate Relationship	**National Stock Exchange of India Limited**
BSE Limited	Exchange Plaza, Bandra Kurla Complex
25th Floor P. J. Towers, Dalal Street	Bandra (East)
Mumbai -400 001	Mumbai -400 051
Scrip Code: 534598	**SCRIP SYMBOL: SAMPANN**

Sub.: Publication of Notice of 16th Annual General Meeting in Newspapers

Dear Sir/Madam

I attached herewith a copy of the Newspapers in which the notice of the 16th Annual General Meeting of the Members of the Company was published.

We request that you take the same on record.

Thanking you,

Yours faithfully,

For Sampann Utpadan India Limited
(Formerly Known as S. E. Power Limited)

SAURABH AGRAWAL

Digitally signed by SAURABH AGRAWAL
Date: 2026.09.07 19:10:05 +05'30'

(Saurabh Agrawal)
Company Secretary

Registered Office & Works
54/B, Pratapnagar, Jarod-Savli Road, Samlaya, Vadodara, Gujarat, India 391520
+91 2667 251566
+91 82380 27440
www. suil.in
Sales @suil.in

એકાઉન્ટન્ટને ઇન્સ્ટાગ્રામ રીલ પર ક્લિક કરવું ભારે પડ્યું

પાર્ટટાઈમ જોબની લાલચમાં યુવતીએ પોણા અગિયાર લાખ ગુમાવવા પડયા

છેતરપિંડીનો અહેસાસ થતાં યુવતીએ સાયબર ઠગ સામે ફરિયાદ નોંધાવી

વડોદરા, તા.૫

વડોદરાના હરણી-વારસિયા રિંગ રોડ વિસ્તારમાં રહેતી એકાઉન્ટન્ટ યુવતી સોશિયલ મીડિયા પર પાર્ટટાઈમ કામની લાલચમાં સાયબર ઠગાઈનો ભોગ બની છે. ઠગોએ ટાસ્કના નામે અને કમિશનની લાલચ આપી તબક્કાવાર યુવતી પાસેથી ૧૦.૪૧ લાખ પડાવી લીધા હતા. છેતરપિંડીનો અહેસાસ થતાં યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

હરણી-વારસિયા રિંગ રોડ સ્થિત દાજી નગર સોસાયટીમાં રહેતી અને એકાઉન્ટન્ટ તરીકે કામ કરતી યુવતીએ ઈન્સ્ટાગ્રામ પર રિલ જોતી વખતે પાર્ટટાઈમ નોકરીની જાહેરાત પર ક્લિક કર્યું હતું. ત્યારબાદ ઠગોએ વોટ્સએપ મારફતે સંપર્ક કરી મેગા ગ્લોબલ નેટવર્ક મીડિયા વર્ક પ્લેટફોર્મ નામે ગૂગલ પર હોટેલોને ફાઈવ-સ્ટાર રિવ્યૂ આપવાનું કામ સોંપ્યું હતું. શરૂઆતમાં નાના ટાસ્ક બદલ ૬,૬૭૦ કમિશન પેટે ખાતામાં જમા કરાવીને ગઠિયાઓએ તેનો વિશ્વાસ જીત્યો હતો. વિશ્વાસ કેળવ્યા બાદ યુવતીને ટેલિગ્રામ ગ્રૂપમાં ઉમેરી મોટી રકમના પ્રીપેડ ટાસ્ક આપવામાં આવ્યા હતા. ઠગોએ એક ફેક વેબસાઈટ પર એકાઉન્ટ બનાવી તેમાં ખોટું કમિશન દર્શાવ્યું હતું. ત્યારબાદ 'ટ્રાન્ઝેક્શન ભૂલથી રોકાઈ ગયું હોવાથી એકાઉન્ટ બ્લોક થયું છે' તેવું બહાનું કાઢી, તેને અનબ્લોક કરવા તેમજ ઈન્કમટેક્સ અને ફીના નામે યુવતીના આઈસીઆઈસીઆઈ અને કોટક મહિન્દ્રા બેંક ખાતામાંથી ૮ અને ૯ જુલાઈ દરમિયાન કુલ ૧૦,૪૭,૭૮૧ ટ્રાન્સફર કરાવી લીધા હતા. પ્લેટફોર્મની લિંક એક્સપાયર થયા બાદ પણ વધુ નાણાંની માગણી ચાલુ રખાતાં યુવતીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. અગાઉ મળેલા ૬,૬૭૦ બાદ કરતાં યુવતીએ કુલ ૧૦.૪૧ લાખ ગુમાવ્યા હોવાનું સ્પષ્ટ થતાં તેણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પરિવાર ચાર રસ્તા પાસે વુડા આવાસ યોજનાના

ધાબે જુગારધામ પર પોલીસનો દરોડો, ચાર ઝડપાયા, ૫ ફરાર

વડોદરા, તા.૫

શહેરના કપૂરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પરિવાર ચાર રસ્તા પાસેની વુડા આવાસ યોજનામાં ચાલતા જુગારધામ પર બાતમીના આધારે પોલીસે ધાબા પર અચાનક દરોડો પાડી જુગાર રમતા ચાર શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. જોકે, અન્ય પાંચ શખ્સો પોલીસને ચકમો આપીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા.

પરિવાર ચાર રસ્તા પાસે વુડા આવાસ યોજનાના ધાબા પર રાવજી શંકર વસાવા નામનો શખ્સ બહારથી માણસો બોલાવીને જુગાર રમાડી રહ્યો છે.તેવી માહિતીના આધારે પોલીસે ખાનગી વાહનો અને અલગ-અલગ રિક્ષામાં બેસીને વુડાના આવાસોમાં ઓચિંતી રેડ કરી હતી. પોલીસની અચાનક એન્ટ્રીથી જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી કાળુ અંટોલ વસાવા, રવિ મણીલાલ વસાવા, શૈલેષ સોમા વસાવા અને અક્ષય સુભાષ તડવીની અટકાયત કરી હતી. વુડા આવાસના ધાબા સળંગ હોવાથી અને નીચે ઉતરવા માટે ત્રણથી ચાર અલગ માર્ગો હોવાનો ફાયદો ઉઠાવીને મુખ્ય સંચાલક રાવજી શંકર વસાવા, શીતલ લાલુ માછી, જીગ્નેશ વસાવા, ચકો અને ગુલાબ ભાગી છૂટ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી દાવ પર લગાવેલી રોકડ રકમ તેમજ બે મોબાઈલ ફોન સહિત કુલ ૨૧,૧૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં કપૂરાઈ પોલીસે ઝડપાયેલા ચારેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવટી એકાઉન્ટમાં ૨૦,૮૩૦ ડોલર ટ્રાન્સફર કરાવી ૧૯.૭૫ લાખની ઠગાઈ

દુબઈની કંપનીના નામે બનાવટી ઈ-મેઈલ મોકલીને ગઠિયાઓ દ્વારા ઠગાઈ

ઇ-મેઇલ આઇડી પર સંપર્ક કરતાં ખબર પડી કે આ રકમ મળી જ નહોતી

વડોદરા, તા.૫

સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન એલટીટીએસ કંપની માટે ડોર અને વિન્ડોનો ઓર્ડર મળ્યા બાદ ફરિયાદી કંપનીએ દુબઈ સ્થિત TRUE SEA SERVICES F.Z.C. પાસેથી ઓનલાઈન મટીરીયલ ખરીદવા માટે તેમની વેબસાઈટ મારફતે ઈ-મેઈલ આઈડી પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ સપ્લાયર તરફથી ઓર્ડર અંગેની માહિતી અપાઈ હતી તેમજ દુબઈ ખાતે રૂબરૂ મુલાકાત માટે પણ બોલાવવામાં આવ્યા હતા. વડોદરાની કંપનીએ ૧૦ માર્ચ ૨૦૨૬ના રોજ બેંક ખાતામાં ૧૧,૨૧૬ યુએસડી એડવાન્સ પેમેન્ટ તરીકે ચૂકવ્યા હતા. આ દરમિયાન તા.૨૫ મે ૨૦૨૬ના રોજ કંપનીને ઈ-મેલ મળ્યો હતો. ત્યારબાદ તા.૯ જૂન ૨૦૨૬ના રોજ ૨૦,૮૩૦ યુએસડી બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તા.૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ મટીરીયલની ડિલિવરી અંગે કંપનીએ સપ્લાયરનો સંપર્ક કર્યો હતો. ત્યારે સપ્લાયર તરફથી બાકી ચુકવણી મળી ન હોવાનું જણાવ્યું હતું અને ૧૫ ટકા વધારાના સ્ટોરેજ ચાર્જની માગ કરી હતી. જેથી કંપનીએ અગાઉ કરાયેલા આવેલા યુએસડી ૨૦,૮૩૦ના રેમિટન્સની કોપી સપ્લાયરને મોકલી હતી. કોપી મળ્યા બાદ સપ્લાયર દ્વારા તપાસ કરતા તેમને આ રકમ મળી જ ન હોવાનું બહાર આવ્યું હતું. કંપનીને જાણ થઈ હતી કે, કોઈ અજાણ્યા વ્યક્તિએ સપ્લાયરના ઈ-મેઈલની જગ્યાએ મળતા આવતા ડોમેનનો ઉપયોગ કર્યો હતો. આરોપીએ સપ્લાયરની ઓળખ ધારણ કરીને બનાવટી ઈ-મેલ અને ઈન્વૉઇસ મોકલ્યા હતા. કંપનીને વિશ્વાસમાં લઈને બાકી પેમેન્ટ સપ્લાયરને બદલે અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી હતી. વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વારસિયા રિંગ પર દરોડો

હુસેન સુન્ની અને સાગરિત મનોજ ત્રિવેદી ૫૫.૪૫૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝબ્બે

આરોપી પાસેથી મોબાઇલ ફોન, ડિજિટલ વજનકાંટો, રોકડ અને વાહન કબજે કર્યું

વડોદરા, તા.૫

વડોદરાના કાસમઆલા ગેંગના રીઢા આરોપી અને ૭૫થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા હુસેન સુન્નીને તેના સાગરીત મનોજ ત્રિવેદી સાથે ઝડપી પાડ્યો છે. આરોપીઓ પાસેથી રૂ.૧,૫૪,૫૩૦ રૂપિયાની કિંમતનું ૫૫.૪૫૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું અને મોબાઈલ ફોન, ડિજિટલ વજનકાંટો, રોકડ અને વાહન મળી કુલ મુદ્દામાલ કબજે કરાયો છે.

હુસેન કાદરમિયા સુન્ની (રહે. કાસમઆલા કબ્રસ્તાન, વડોદરા) તથા તેનો સાગરીત મનોજ ત્રિવેદી મેફેડ્રોન ડ્રગ્સનું વેચાણ કરવા માટે લક્ષ્મીનગર સોસાયટીના નાકે સ્કૂટર સાથે ઉભા છે.તેવી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વારસિયા રીંગ રોડ ઉપર લક્ષ્મીનગર સોસાયટી નજીક વોચ ગોઠવી શંકાસ્પદ રીતે સ્કૂટર સાથે ઉભેલા બંને શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

પોલીસે બંને શખ્સોની તપાસ કરતાં હુસેન સુન્ની પાસેથી એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. મનોજ ત્રિવેદી પાસેથી પણ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે બંને આરોપીઓ પાસેથી કુલ ૫૫.૪૫૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું હતું. આ ઉપરાંત આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન, ડિજિટલ વજનકાંટો, ખાલી થેલીઓ, રોકડ રૂ.૨,૦૦૦ તથા સુઝુકી બર્ગમેન સ્કૂટર સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. કબજે કરાયેલા તમામ મુદ્દામાલ સાથે બંને આરોપીઓને એનડીપેસ એક્ટ હેઠળની કાયદેસરની કાર્યવાહી માટે વારસિયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી હુસેન સુન્ની કાસમઆલા ગેંગ સાથે સંકળાયેલો રીઢો ગુનેગાર છે. તેની સામે રીઢી રીતે ચોરી, લૂંટ, ધાડ, ખંડણી, મારામારી, ચોરીના કાયદાના ભંગ, જુગાર તથા અન્ય ગુનાઓ સહિત ગુજરાતમાં ૭૫થી વધુ ગુનાઓ નોંધાયેલા છે.

સરકારી કચેરીના રિનોવેશન સમયે બનેલી ઘટનાથી અફરાતફરી

કુબેર ભવનમાં રિનોવેશન વેળા ડ્રિલિંગ કરતી વખતે દીવાલ ધરાશાયી : એક ઘાયલ

ઘાયલ શ્રમિકને તાત્કાલિક રિક્ષા મારફતે સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો

વડોદરા, તા.૫

કુબેર ભવનની ઈમારતમાં ચાલી રહેલી રિનોવેશનની કામગીરી દરમિયાન અચાનક ભીંત ધરાશાયી થતાં કામ કરી રહેલા મજૂરો ભીંતના કાટમાળ નીચે દબાઈ ગયા હતા, જેમાં એક મજૂરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્પેશિયલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

વડોદરાની મધ્યમાં આવેલું કુબેર ભવન ઘણા સમયથી જર્જરીત હાલતમાં હોવાથી ત્યાં વહીવટી તંત્ર દ્વારા રિનોવેશનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આજે સ્થળ પર મજૂરો દ્વારા ડ્રિલિંગ મશીનથી કામગીરી કરવામાં આવી રહી હતી. ડ્રિલિંગના કંપન અને ભીંતની નબળી સ્થિતિના કારણે અચાનક જ ભીંતનો એક મોટો ભાગ ધડાકાભેર બે મજૂરો પર આવી પડ્યો હતો. આ દુર્ઘટનામાં એક મજૂર ભીંતના ભારેખમ કાટમાળ નીચે આવી જતાં તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બનતાની સાથે જ ઘટનાસ્થળે હાજર અન્ય શ્રમિકો અને લોકો મદદ માટે દોડી આવ્યા હતા. કાટમાળ નીચે દબાયેલા ઈજાગ્રસ્ત મજૂરને અત્યંત મશક્કત બાદ બહાર કાઢવામાં આવ્યો હતો. ઈમરજન્સીની ગંભીરતાને જોતા રાહ જોયા વિના તેને તાત્કાલિક રીક્ષા મારફતે જ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ દુર્ઘટનાના સમાચાર મળતા જ મજૂરના પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા અને તેમના પર જાણે આભ તૂટી પડ્યું હોય તેવી કરૂણ સ્થિતિ સર્જાઈ હતી. અકસ્માતની જાણ થતાં જ સંબંધિત સ્પેશિયલ વિભાગના અધિકારીઓનો કાફલો કુબેર ભવન ખાતે પહોંચી ગયો હતો. અધિકારીઓએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી સમગ્ર બનાવ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી અને તપાસ શરૂ કરી હતી.

સંપન્ન ઉત્પાદન ઈન્ડિયા લિમિટેડ

(અગાઉ એસ. ઈ. પાવર લિમિટેડ તરીકે જાણીતી)
CIN: L40106GJ2010PLC091880
રજી. ઓફીસઃ સર્વે નં. ૫૪/બી, પ્રતાપનગર, જરોદ-સાવલી રોડ, સમલાયા, વડોદરા-૩૯૧૫૨૦ (ગુજરાત)
ટેલીઃ +૯૧ ૨૬૬૭ ૨૫૧૫૬૬ ● ઈ–મેલઃ cs@suil.in | Web: www.suil.in

૧૬મી વાર્ષિક સામાન્ય સભા, બુક ક્લોઝર અને ઈ-વોટિંગની સૂચના

૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજની અમારી સૂચનાના અનુસંધાનમાં, સૂચના આપવામાં આવે છે કેઃ

૧. સંપન્ન ઉત્પાદન ઈન્ડિયા લિમિટેડના સભ્યોની **૧૬મી વાર્ષિક સામાન્ય સભા (AGM) મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬** ના રોજ **બપોરે ૦૧:૦૦ વાગ્યે** વિડિઓ કોન્ફરન્સિંગ ("VC")/અન્ય ઑડિઓ વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") દ્વારા ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલા તેના સામાન્ય પરિપત્ર નં. ૩/૨૦૨૫ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે જારી કરાયેલા પરિપત્ર (ત્યારબાદ સામૂહિક રીતે ''પરિપત્રો'' તરીકે ઓળખવામાં આવશે) દ્વારા આપવામાં આવેલી છૂટછાટ અનુસાર, AGM ની સૂચના (''નોટિસ'') માં દર્શાવેલ વ્યવસાય (ઓ) માટે સભ્યોની ભૌતિક હાજરી વિના, સભ્યો એક સામાન્ય સ્થળે હાજર રહેશે નહીં. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે VC/OAVM દ્વારા AGM માં હાજરી આપનારા સભ્યોની ગણતરી કરવામાં આવશે.

૨. કંપની અધિનિયમ, ૨૦૧૩ (અધિનિયમ) ની કલમ ૧૦૧ અને ૧૩૬, જે કંપનીઓ (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૧૮ સાથે વાંચવામાં આવે છે, જે ઉપરોક્ત પરિપત્રો સાથે સમયાંતરે સુધારેલા છે, અનુસાર કંપનીએ ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે AGM ની સૂચના અને કંપનીના વાર્ષિક અહેવાલ, ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય નિવેદનો અને ઓડિટર્સ અને બોર્ડના અહેવાલો, શુક્રવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સભ્યો/લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં જે સભ્યોના નામ દેખાયા છે તેમને ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવાનું પૂર્ણ કર્યું છે, જેમના ઈમેઇલ આઈડી કંપની/ડિપોઝિટરી સહભાગીઓ(ઓ) સાથે નોંધાયેલા છે. વાર્ષિક સામાન્ય સભાની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.suil.in પર પણ ઉપલબ્ધ છે.

૩. કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૧૦ સાથે વાંચવામાં આવતા કાયદાની કલમ ૯૧ ની જોગવાઈઓ અનુસાર, સમયાંતરે સુધારેલા, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ (બંને દિવસો સહિત) વાર્ષિક સામાન્ય સભા માટે બંધ રહેશે.

૪. ઉપરોક્ત પરિપત્રો સાથે વાંચવામાં આવેલા કાયદાની કલમ ૧૦૮, તેના હેઠળ રચાયેલા નિયમો અને સેબી (LODR) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૪૪ ની જોગવાઈઓ અનુસાર, સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સમયગાળા દરમિયાન અને AGM ની સૂચનામાં દર્શાવેલ તમામ ઠરાવો પર AGM દરમિયાન ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. કંપનીએ ૧૬મી વાર્ષિક સામાન્ય સભા માટે ઈ-વોટિંગ સુવિધા અને VC/OAVM સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ને નિયુક્ત કરી છે.

૫. રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો શનિવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે (IST) થી શરૂ થશે અને સોમવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે (IST) સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, કંપનીના સભ્યો, જેમના શેર ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં હોય, તેઓ કટ-ઓફ તારીખ એટલે કે મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ઇલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે છે. ત્યારબાદ મતદાન માટે રિમોટ ઇ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય કરવામાં આવશે અને તે તારીખ અને સમય પછી મંજૂરી આપવામાં આવશે નહીં. એકવાર સભ્યો દ્વારા ઠરાવ પર મતદાન થઈ જાય, પછી સભ્યોને તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જે સભ્યોએ પોતાના ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવ્યા નથી તેમના માટે ઈ-વોટિંગની પદ્ધતિ વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં આપવામાં આવી છે. ઉપરોક્ત માહિતી કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે અને MCA પરિપત્રો અને SEBI પરિપત્રના પાલનમાં જારી કરવામાં આવી રહી છે.

૬. કોઈપણ વ્યક્તિ જે વાર્ષિક સામાન્ય સભાની સૂચનાનો ઈમેલ મોકલ્યા પછી અને કટ-ઓફ તારીખ એટલે કે મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ શેર ધરાવતો હોય, તે evoting@nsdl.com પર ઈમેલ કરીને NSDL ને વિનંતી મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટેની વિગતવાર પ્રક્રિયા કંપનીની વેબસાઇટ પર ઉપલબ્ધ વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં પણ આપવામાં આવી છે. જો સભ્ય પહેલાથી જ NSDL માં ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે/તેણી રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપવા માટે પોતાના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું નથી તેઓ વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ઈ-વોટિંગ સુવિધા દ્વારા પોતાના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકશે. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું છે તેઓ વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકે છે પરંતુ તેઓ ફરીથી વાર્ષિક સામાન્ય સભામાં મતદાન કરી શકશે નહીં.

૭. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે શ્રી સતીશ કુમાર જાડોન (મો. નં. F9512), માલિક, સતીશ જાડોન એન્ડ એસોસિએટ્સ, કંપની સેક્રેટરીઝની નિમણૂંક વાર્ષિક સામાન્ય સભામાં રિમોટ ઈ-વોટિંગ અને ઈ-વોટિંગ પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે કરી છે.

૮. વાર્ષિક સામાન્ય સભાના સમાપનના બે કાર્યકારી દિવસોમાં પરિણામો જાહેર કરવામાં આવશે, અને તે, કોન્સોલિડેટેડ સ્ક્રુટિનાઇઝરના રિપોર્ટ સાથે, કંપનીની વેબસાઇટ (www.suil.in), NSDL વેબસાઇટ (www.evoting.nsdl.com) પર મૂકવામાં આવશે, અને BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડને જાણ કરવામાં આવશે.

૯. ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નો/ફરિયાદોના કિસ્સામાં, સભ્યો www.evoting.nsdl.com ના ડાઉનલોડ્સ વિભાગમાં ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ''ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ-શેરહોલ્ડર''નો સંદર્ભ લઈ શકે છે અથવા ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦/૧૮૦૦ ૨૨૪ ૪૩૦ પર કોલ કરી શકે છે અથવા evoting@nsdl.com પર શ્રીમતી પલ્લવી મ્હાત્રે, સિનિયર મેનેજર ને વિનંતી મોકલી શકે છે.સભ્યો કંપનીના કંપની સેક્રેટરીને ઈ-મેલ આઈડી cs@suil.in પર પણ લખી શકે છે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી
સંપન્ન ઉત્પાદન ઈન્ડિયા લિમિટેડ વતી,
(અગાઉ એસ. ઇ. પાવર લિમિટેડ તરીકે ઓળખાતું)
સહી/-
સૌરભ અગ્રવાલ
(કંપની સેક્રેટરી)

સ્થળ : વડોદરા
તારીખ : ૦૪.૦૯.૨૦૨૬

પંજાબ નેશનલ બેંક ...भरोसे का प्रतीक ! **punjab national bank** ... the name you can BANK upon!

સર્કલ ઓફિસ - વડોદરા
સર્કલ ઓફિસઃ વડોદરા સ્ટોક એક્ષચેન્જ બિલ્ડીંગ, જી ફલોર, ફોરચ્યુન ટાવર, વડોદરા, ગુજરાત. ઈમેલઃ covadsamd@pnb.co.in

અચલિત મિલકતોનાં વેચાણ માટે જાહેર ઈ-હરાજી

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમો ૮(૬) સાથે વંચાતા નિયમ ૯(૧) ની જોગવાઈ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ નોટીસ., જાહેર જનતાને સામાન્ય રીતે અને વિશેષ રીતે દેણદાર(રો) તેમ જ જામીનદાર(રો) ગીરોદાર(રો) ને અત્રે નોટીસ આપવામાં આવે છે કે નીચે આપેલ સ્થાવર/અસ્થાવર સંપતિ કે જે સિક્યોર્ડ લેણદારને ગિરવે રાખેલ/ચાર્જ કરેલ છે અને પંજાબ નેશનલ બેંક, અગાઉ યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા અને અગાઉ ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ (સિક્યોર્ડ લેણદાર) ના અધિકૃત અધિકારી દ્વારા પ્રત્યેક્ષ/સાંકેતિક/કન્સ્ટ્રક્ટીવ કબજો લેવામાં આવ્યો છે, તે જેમ છે જ્યાં છે અને જે છે તે છે ના આધારે **તા. ૨૪.૦૯.૨૦૨૬** ના રોજ પંજાબ નેશનલ બેંક નીચે ઉલ્લેખ કરેલ દેણદાર(રો) ગીરોદાર(રો) તેમ જ જામીનદાર(રો) પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણમાં આવશે. રિર્ઝવ કિંમત અને ઈએમડી સંબંધિત મિલકત સામેના ખાતામાં જમા કરવાની રહેશે.

સુરક્ષિત અસ્કયામતોનુ શિડ્યુલ

ઈ-હરાજીની તારીખઃ ૨૪.૦૯.૨૦૨૬ — ઈએમડી અને બિડ દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૪.૦૯.૨૦૨૬ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી. નિરીક્ષણની તારીખ અને સમયઃ તારીખઃ ૨૩.૦૯.૨૦૨૬ (સમય સવારે ૧૧ થી ૪ વાગ્યાની વચ્ચે)

લોટ નં.	શાખા નું નામ / એકાઉન્ટનું નામ / કરજદાર/જામીનદારોનું એકાઉન્ટ નામ અને સરનામું	અચલિત મિલકતોની વિગતો ગીરોદાર / માલીકોના નામ (ગીરો મિલકતો)	(એ) સરફેશી એક્ટ ૨૦૦૨ ના ૧૩(૨) અંતર્ગત ડિમાન્ટ નોટીસ તારીખ (બી) મેમોરેન્ડા બાકી રકમ તા. ૩૧.૦૭.૨૦૨૬ સુધી (સી) સરફેસી એક્ટ ૨૦૦૨ ના સેકશન ૧૩(૪) અંતર્ગત કબજા તારીખ (ડી) કબજાનો પ્રકાર-સાંકેતિક/પ્રત્યેક્ષ/કન્સ્ટ્રકટીવ	અ) રીઝર્વ કિંમત રકમ રૂા. લાખ માં બી) ઈએમડી ડીપોઝીટની રકમ અને છેલ્લી તારીખ સી) બીડ વધારવાની રકમ (રૂા. લાખ માં)	ઈ-હરાજીની તારીખ અને સમય	સંપર્ક અધિકારી
૧	**પીએનબી - આત્મજ્યોતિ આશ્રમ (૩૪૦૮૦૦)** **શ્રીમતી મહેક અજય કેવલરામણી** ૪૦૬ જલારામ નગર, કારેલીબાગ, નીલકંઠ રેસ્ટોરન્ટ પાસે, વડોદરા, ગુજરાત– ૩૯૦૦૧૮.	તમામ ભાગ અને હિસ્સો સ્થાવર મિલકત નો રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા સબ જીલ્લો વડોદરા, (વિભાગ–૩), મોજે ગામ ભાયલી, જુનો આર.એસ. નં. ૪૫૯, બ્લોક નં. ૪૩૭, ટી.પી. સ્કીમ નં. ૪, એફ.પી. નં. ૨૫ બિન ખેતીલાયક જમીન એરીયા ક્ષેત્રફળ ૨૪૦૫ ચોરસ મીટર બાંધકામ સ્કીમ મંજુર નકશા મુજબ તે શ્રી સિદ્ધેશ્વરી ક્રિષ્ણા તરીકે ઓળખાતી પૈકી ટાવર બી–૨, ૩જો માળ, ફ્લેટ નં. ૩૦૧, નું બાંધકામ ક્ષેત્રફળ ૫૮.૫૨ ચોરસ મીટર, કાર્પેટ એરીયા, બાલ્કની ૨.૭૫ ચોરસ મીટર જે શ્રીમતી મહેક અજય કેવલરામણી ના નામે છે. ચતુર્સીમાઃ પૂર્વઃ બી–૧, ફ્લેટ નં. ૩૦૨, પશ્ચિમઃ એન્ટ્રી ગેટ અને અંદર આંતરીક રોડ, ઉત્તરઃ બી–૨, ફ્લેટ નં. ૩૦૨ અને ૧૮ મીટર ટી.પી. રોડ, દક્ષિણઃ કલબ હાઉસ અને અંદર આંતરીક રોડ.	A) 19/11/2025 B) Rs. 39,21,859.94+ વધુ વ્યાજ અને તેના પર ના અન્ય ચાર્જીસ C) 23/01/2026 D) Physica	A) Rs. 22.14 B) Rs. 2.21 (24.09.2026) C) Rs. 0.10	તાઃ ૨૪.૦૯.૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ (જો જરૂરી હોય તો ૧૦ મીનિટના વધારા સાથે)	Mr. Anand Kumar Roy Mob. 9897521016
૨	**પીએનબી - ઝાલોદ (૯૨૩૬૦૦)** **શ્રી નિસારતા ઈન્દ્રજીત ધીરૂભાઈ અને શ્રીમતી નિસારતા સોનલબેન ઈન્દ્રજીતભાઈ (કરજદાર)** રહેણાંક તેઃ ઘર નં. ૪૯૮, બ્લોક નંઃ ૧, શીવ કૃપા સોસાયટી, ગામઃ ટંડી, લીમડી રોડ પાસે, ઝાલોદ, જીલ્લોઃ દાહોદ પીનઃ ૩૮૯૧૮૦.	મિલકત આવેલ તે ટંડી રેવન્યુ એકાઉન્ટ ૧૫૭ નો સર્વે નં. ૧૧ કુલ ક્ષેત્રફળ ૭૩૦૦ ચોરસ મીટર એન એ જમીન પ્લોટેડ પ્લોટ પૈકી પ્લોટ નં. ૫ થી ૧૪, કુલ ક્ષેત્રફળ ૬૭૮.૬૦ ચોરસ મીટર રહેણાંક ઓપન જમીન જે શીવ કૃપા સોસાયટી તરીકે જાણીતી પ્લોટેડ બ્લોક પૈકી બ્લોક નં. ૧ ક્ષેત્રફળ ૭૪.૩૦ ચોરસ મીટર રહેણાંક ઓપન જમીન બાંધકામ ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૭૪.૩૦ મીટર અને પહેલો માળ ૪૪.૩૦ ચોરસ મીટર કુલ ક્ષેત્રફળ ૧૧૮.૬૦ ચોરસ મીટર બાંધકામ ગ્રામ પંચાયત તે ઘર નં. ૪૯૮ જે આવેલ તે ગામ ટંડી શીવ કૃપા સોસાયટી, તાલુકો ઝાલોદ. જીલ્લોઃ દાહોદ ચતુર્સીમાઃ ઉત્તર તરફઃ ખેતીલાયક જમીન ની સીમા જમીન નો આર.એસ. નં. ૧૧, દક્ષિણ તરફઃ સોસાયટી રોડ ની સીમા, પૂર્વ તરફઃ ઘર ની સીમા નો બ્લોક નં. ૨ અને પશ્ચિમ તરફઃ જમીન ની સીમા નો પ્લોટ નં. ૪.	A) 06/12/2025 B) Rs. 22,09,177.03 + વધુ વ્યાજ અને તેના પર ના અન્ય ચાર્જીસ C) 11.02.2026 D) Symbolic	A) Rs. 35.00 B) Rs. 3.50 (24.09.2026) C) Rs. 0.10	તાઃ ૨૪.૦૯.૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ (જો જરૂરી હોય તો ૧૦ મીનિટના વધારા સાથે)	Mr. Anand Kumar Roy Mob. 9897521016
૩	**પીએનબી - આજવા રોડ (૯૧૯૫૦૦)** **શ્રી પટેલ સતિષભાઈ જીતુભાઈ** ૧/૪ જય નારાયણ પાર્ક સોસાયટી–૧, પ્રભુતા હોલ ની પાછળ, અમીન નગર પાસે, છાણી, વડોદરા, ગુજરાત પીનઃ ૩૯૧૭૪૦.	રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા સબ જીલ્લો વડોદરા મોજે ગામ–માંજલપુર, રેવન્યુ સર્વે નં. ૨૫૦ પાર્ટ–૨ અને પાર્ટ–૩, ટી.પી. સ્કીમ નં. ૨૯, ફાઈનલ પ્લોટ નં. ૧૩૫, ક્ષેત્રફળ ૪૩૪૯.૮૨ ચોરસ મીટર, જમીન ટાવર–ડિ ૩, ૨જો માળ, ફ્લેટ નં. ડિ૩/૨૦૧, ૮૫૦ ચોરસ ફુટ સુપર બિલ્ટઅપ અને પ્રમાણસર અવિભાજીત હિસ્સો કોમન જમીન એરીયા ૫.૨૮ ચોરસ મીટર જે "5th એવન્યુ" અલવા નાકા પાસે, સરસ્વતી–જીઆઈડિસી રોડ, માંજલપુર, વડોદરા, ગુજરાત ખાતે આવેલ છે જે શ્રી સતિષભાઈ જીતુભાઈ પટેલ ના નામે છે. (દસ્તાવેજ નં. ૧૫૭૫/૨૦૨૨ તારીખ ૨૫.૦૧.૨૦૨૨ હેઠળ આવરી લેવામાં આવ્યું છે) જેની ચતુર્સીમાઃ પૂર્વઃ આંતરીક રોડ અને ટાવર–સી, પશ્ચિમઃ લીફ્ટ અને ટાવર ડિ–૩, ફ્લેટ નં. ૨૦૪, ઉત્તરઃ ટાવર ડિ–૨, ફ્લેટ નં. ૨૦૨, દક્ષિણઃ ટાવર ડિ–૩, ફ્લેટ નં. ૨૦૨.	A) 29.01.2025 B) Rs. 27,53,544.70 + વધુ વ્યાજ અને તેના પર ના અન્ય ચાર્જીસ C) 16.07.2025 D) Physical	A) Rs. 21.42 B) Rs. 2.14 (24.09.2026) C) Rs. 0.10	તાઃ ૨૪.૦૯.૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ (જો જરૂરી હોય તો ૧૦ મીનિટના વધારા સાથે)	Mr. Anand Kumar Roy Mob. 9897521016
૪	**પીએનબી - ફતેહગંજ (૩૪૦૫૦૦)** **મેસર્સ શ્રીજી સેલ્સ કોર્પોરેશન, (પ્રોપ. ભરત નવનીતલાલ શાહ)** ઓફિસ સરનામુઃ મેસર્સ શ્રીજી સેલ્સ કોર્પોરેશન, ૧૬, આનંદનગર એપાર્ટમેન્ટ, ઉર્મિ સોસાયટી, જેતલપુર રોડ, વડોદરા ૩૯૦૦૦૭. ફેક્ટરીઃ મેસર્સ શ્રીજી સેલ્સ કોર્પોરેશન, સર્વે નં. ૯૩/૧, મુ.પો. આશલ, તાલુકો–ભિલોડા, જીલ્લો– અરવલી, ગુજરાત–૩૮૩૩૫૫. **ભરત નવનીતલાલ શાહ** **શ્રીમતી જાગૃતિબેન બી.શાહ જે ભરતભાઈ નવનીતલાલ શાહ ની પત્ની (જામીનદાર)** **શ્રી ધવલ બી.શાહ જે ભરત નવનીતલાલ શાહ નો પુત્ર (જામીનદાર)** સરનામુઃ ડોર નં. ૧૬, આનંદનગર એપાર્ટમેન્ટ, ઉર્મિ સો., ન્યુ ઈન્ડિયા મિલ રોડપાસે, જેતલપુર રોડ, વડોદરા ૩૯૦૦૦૭. **શ્રી દિપક આર. શાહ (જામીનદાર)** ૧૦–૧૦એ, બહવાની પાર્ક સોસાયટી, સામે. ઓલ્ડ પેટ્રોલ પંપ રોડ, ડિંડોરી રોડ, નાસિક ૪૨૨૦૦૧. મહારાષ્ટ્રા	૧. મિલકતનો તમામ ભાગ અને હિસ્સો આવેલ જેનો જીલ્લો સાબરકાંઠા (હવે અરાવલી માં), સબ જીલ્લો–ભીલોડા, મોજે–અસલ, આર.એસ. નં. /બ્લોક નં. ૯૩/પી/૪, (જુનો આર.એસ. નં. ૯૩/૧/૧) ક્ષેત્રફળ ૮૦૯૪ ચોરસ મીટર એલપીજી ગેસ બોટલ ઈન્ડસ્ટીયલ હેતુ જમીન અને ૪૭ ચોરસ મીટર એન.એ. જમીન નો એકાઉન્ટ નં. ૮૪ તેના પર આશરે બિલ્ડીંગ ફીક્સ્ડ/સુપર સ્ટ્રક્ચર્સ સાથે પ્લાન્ટ અને મશીનરી બિલ્ડીંગ સ્ટ્રક્ચર નું નિર્માણ સાથે તેના પર જોડાયેલ વગેરે. શ્રી ભરત નવનીતલાલ શાહની માલિકીની. ચર્તુસીમાઃ પૂર્વઃ મકવાણા રેવાભાઈ ની ખેતી ની જમીન, પશ્ચિમઃ કનુભાઈ મુળજીભાઈ ની જમીન નો આર.એસ. નં./બ્લોક નં. ૨૭, ઉત્તરઃ પૂર્ણિમાબેન કનુભાઈ ની જમીન નો આર.એસ./બ્લોક નં. ૯૩, દક્ષિણઃ મોડાસા તાલુકા નો સીમાડો. ૨. મિલકતનો તમામ ભાગ અને હિસ્સો આવેલ જેનો જીલ્લો સાબરકાંઠા (હવે અરાવલી માં), સબ જીલ્લો–ભીલોડા, મોજે–અસલ, આર.એસ. નં. /બ્લોક નં. ૨૭, એકાઉન્ટ નં. ૫૫ ક્ષેત્રફળ ૬–૧૭–૧૫ હેક્ટર એરીયા, દક્ષિણબાજુ બ્લોક નં. ૯૩ (પી) એલપીજી ગેસ બોટલ ઈન્ડસ્ટીયલ હેતુ જમીન ૦–૧૨–૧૪ હેક્ટર એરીયા (૧૨૧૪ ચોરસ મીટર) તેના પર આશરે બિલ્ડીંગ ફીક્સ્ડ/સુપર સ્ટ્રક્ચર્સ સાથે પ્લાન્ટ અને મશીનરી બિલ્ડીંગ સ્ટ્રક્ચર નું નિર્માણ સાથે તેના પર જોડાયેલ વગેરે. શ્રી ભરત નવનીતલાલ શાહની માલિકીની. ચર્તુસીમાઃ પૂર્વઃ પૂર્ણિમાબેન કનુભાઈ ની જમીન નો આર.એસ./બ્લોક નં. ૯૩, પશ્ચિમઃ એનએચ નં. ૮ હિંમતનગર થી શામળાજી, ઉત્તરઃ કનુભાઈ મુળજીભાઈની બાકીની જમીન બ્લોક નં. ૨૭, દક્ષિણઃ મોડાસા તાલુકો નો સીમાડા નો બ્લોક નં. ૯૩. નોંધ– બંને મિલકત (૧ અને ૨) મેસર્સ શ્રીજી સેલ્સ કોર્પોરેશનના નામ અને શૈલીમાં ફેક્ટરી બનાવે છે અને મશીનરી સાથે એક યુનિટ તરીકે વેચવામાં આવશે.	A) 04.05.2022 B) Rs. 9,29,11,303.69 + વધુ વ્યાજ અને તેના પર ના અન્ય ચાર્જીસ C) 17.12.2023 D) Physical	A) Rs. 148.63 B) Rs. 14.86 (24.09.2026) C) Rs. 2.0	તાઃ ૨૪.૦૯.૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ (જો જરૂરી હોય તો ૧૦ મીનિટના વધારા સાથે)	Mr. Anand Kumar Roy Mob. 9897521016

ઈ-હરાજીના નિયમો અને શરતો :

આ વેચાણ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના નિયમો અને શરતોને આધીન રહેશે.
૧. મિલકતનું વેચાણ : જેમ છે તે પ્રમાણે છે અને જેમ છે તે પ્રમાણે છે અને જે ત્યાં આધાર છે.
૨. ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપતિની વિગતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી માટે જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા ચૂક માટે જવાબદાર રહેશે નહીં.
૩. વેચાણ ઈ-ઓકશન વેબસાઈટ https://baanknet.com પ્લેટફોર્મ પર ૨૪.૦૯.૨૦૨૬ ના રોજ ને સવારે ૧૧.૦૦ કલાકે નીચે સહી કરનાર દ્વારા કરવામાં આવશે.
૪. વેચાણના વિગતવાર નિયમો અને શરતો, કૃપા કરીને https://baanknet.com નો સંદર્ભ લો.

કોઈપણ પૂછપરછ માટે તમે અમારા અધિકૃત અધિકારી નો સંપર્ક કરી શકો છો.

શ્રી આનંદ કુમાર રોય - ૯૮૯૭૫૨૧૦૧૬

સિક્યોર્ડ ક્રેડિટરની જાણમાં હોય તેવા બોજાની વિગતોઃ જાણમાં નથી

(સરફેસી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) સાથે વંચાતા નિયમ ૯(૧) હેઠળ ૧૫ દિવસની કાનૂની વેચાણ નોટિસ.)

તારીખઃ ૦૬.૦૯.૨૦૨૬, સ્થળઃ વડોદરા | **નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.** | **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સિક્યોરેડ ક્રેડીટર**

PUBLIC NOTICE

The Property situated on land bearing, **R.S.No. 277, 279, T. P. Scheme No. 13, F.P.No. 57 Paiki admeasuring 1500 Sq.Mtrs. Known as "VRUNDAVAN FLATS" Flat No. 304 on 3rd Floor area admeasuring 28.40 Sq.Mtr., undevided land admeasuring 19.74 Sq.Mtr. of Mauje Chhani at Registration District & Sub District Vadodara.** The present owners of the property is **Manishkumar Labhshankar Joshi**. But **The original Sale Deed No. 2172, Dated 10-03-2000** and its Original Registered Receipt are not available with the present owner. They demanded Title Clearance Certificate of said property from us. So that any person, institution, bank, financial institution, society, etc. having any kind of interest, share, right, interest, relationship, encumbrance, loan, charge, lien, deed, objection in the above property, if any, should send the objection to us with written evidence within **07 days** to the address mentioned below. If there is no objection within the period of publication of this notice, we will issue a title clearance certificate to our client. **Date : 07-09-2026**.

Office : First Floor, 201 to 203, Akshar Plaza, Beside Govardhannath Haveli, Nizampura, Vadodara. Mob. : 9909030474

AJAY B. TRIPATHI
(ADVOCATE - Guj. High Court)

SPIC

SOUTHERN PETROCHEMICAL INDUSTRIES CORPORATION LIMITED

CIN:L11101TN1969PLC005778
Registered Office: SPIC HOUSE, 88 Mount Road, Guindy, Chennai 600 032. Phone: 044-22350245.
E-mail: spiccorp@spic.co.in; shares.dep@spic.co.in website: www.spic.in

NOTICE OF ANNUAL GENERAL MEETING AND RELATED MATTRS

Notice is hereby given that the 55th Annual General Meeting (AGM) of the Shareholders of Southern Petrochemical Industries Corporation Limited (the Company) will be held on **Monday, the 28th September 2026 at 2.00 P.M (IST)** through Video Conferencing (VC)/Other Audio Visual Means (OAVM) in accordance with the Circulars issued by Ministry of Corporate Affairs (MCA) vide General Circular Nos.14/2020 & 17/2020 dated 8th April, 2020 and 13th April 2020 respectively, 03/2025 dated 22nd September 2025 and other applicable circulars under SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (collectively referred to as the Circulars) without the physical presence of the Members at a common venue, to transact the Ordinary and Special businesses as set out in the Notice of 55th AGM.

As informed vide Public Notice published on 19th August 2026, Notice of the 55th AGM along with the Annual Report 2025-26 ("Annual Report") are being sent only through electronic mode to those Members whose email addresses are registered with the Company/Depositories/Registrar and Share Transfer Agents (RTA). Members may also note that the Notice and the Annual Report will be available on the website of the Company at https://www.spic.in/investors/financial-results/, website of National Stock Exchange of India Limited (NSE) at https://www.nseindia.com/, and the website of CDSL at www.evotingindia.com. The hard copy of full Annual Report of the Company shall be sent to the shareholders on request. The Company has dispatched the Notice of 55th AGM along with the Annual Report through E-mail on 4th September 2026.

Book Closure and Record date:

1. Pursuant to Section 91 of the Companies Act, 2013 (the Act), the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from **Tuesday, the 22nd September 2026 to Monday, the 28th September 2026 (both days inclusive).**

2. As per Regulation 42 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, (LODR), the date for determining the eligibility of Members to vote by remote E-voting or E-voting during the AGM is Monday, the 21st September 2026 ("Record Date").

Registration:

Members desirous of speaking at the meeting may register through the web portal of M/s Cameo Corporate Services Limited, Registrar and Share Transfer Agent (RTA) of the Company using the web-link: https://Investors.cameoindia.com. The above facility for participant registration will be open from 9:00 AM on Monday, 21st September 2026 to 5:00 PM on Thursday, 24th September 2026. Members who do not wish to speak during the AGM but have queries may send their queries on or before Monday, the 21st September 2026 by email to shares.dep@spic.co.in mentioning their name, demat account number/ folio number and mobile number. These queries will be attended and responded by the Company suitably. It may please be noted that there will be no option for spot registration or through any other mode.

E-Voting:

The Remote E-voting period shall commence on **Wednesday, the 23rd September 2026 at 9.00 A.M (IST) and will end on Sunday, the 27th September 2026 at 5.00 P.M. (IST).** The remote E-voting shall be disabled after the said date and time and once the vote on a resolution is cast by a Member, he/she will not be allowed to change it subsequently.

Only those persons, whose names are recorded in the Register of Members or in the Register of beneficial owners maintained by the depositories as on the **cut-off date, Monday, the 21st September 2026**, shall be entitled to avail the facility of Remote E-voting or E-voting during the AGM. The Members who have cast their vote by Remote E-voting may attend the AGM but shall not be allowed to vote again during the AGM. Persons who have acquired shares and become Members of the Company after the dispatch of the Notice and hold shares as on the Cut-off date may contact the RTA to obtain the login details if they desire to participate through VC/OAVM and to avail Remote E-voting facility.

Members who did not avail the Remote E-voting facility will be provided an opportunity to vote electronically during the AGM. This facility will be made available only for those Members who are present at the AGM.

The Company has appointed M/s. B. Chandra & Associates, Practising Company Secretaries, Chennai as the Scrutinizer to scrutinize the Remote E-voting process and E-Voting during the 55th AGM in a fair and transparent manner. The Scrutinizer shall submit her Report to the Chairman not later than two working days from the conclusion of AGM and the Chairman or a person authorized by him in writing will declare the result forthwith. The results of voting would be declared as required under the Act and LODR will be informed to the NSE where the shares of the Company are listed and posted on the Company's website and CDSL website.

Dividend & Payment of Dividend for the Financial Year 2025-26:

The dividend for FY 2025-26 (20%) as recommended by the Board of Directors, if approved by the Members at the AGM, will be paid, subject to deduction of applicable taxes to the shareholders holding shares in physical form on **Monday, the 28th September 2026** and to the shareholders holding shares in electronic form, as at the end of business hours on **Monday, the 21st September 2026** within 30 days from the date of 55th AGM.

For receiving dividend electronically, shareholders may register/update their bank account details with the Depository Participant or with Cameo Corporate Services Ltd. (RTA) by submitting Form ISR-1 as the case may be on or before Monday, the 28th September 2026. It may be noted that payment of dividend for the year 2025-26 will be subject to TDS. Resident Individuals can furnish Form 121 if tax is not to be deducted. For detailed information please refer to the notice of the Meeting and communication sent by the Company in this regard.

Any grievance connected with the facility for voting by electronic means may be addressed to Mr. Rakesh Dalvi, Sr. Manager, (CDSL,) Central Depository Services (India) Limited, A Wing, 25th Floor, Marathon Futurex, Mafatlal Mill Compounds, N M Joshi Marg, Lower Parel (East), Mumbai - 400013 or send an email to helpdesk.evoting@cdslindia.com or call on toll free no. 1800 21 09911. The Members may also contact Mr. P Muralidharan, Joint Manager, Cameo Corporate Services Ltd. Phone No - 044 28460718 or by e-mail: investor@cameoindia.com / shares.dep@spic.co.in.

(By Order of the Board)
For SOUTHERN PETROCHEMICAL INDUSTRIES CORPORATION LTD

Place: Chennai
Date : 4th September 2026

R. Swaminathan
Company Secretary

- *Shareholders are requested to promptly update their PAN, KYC viz. address, bank mandate and other relevant details with the Company/RTA/ Depository Participants (as the case may be) for receiving communications and claiming dividends.*
